# પ્રકરણ - ૧૩ વંધ્યત્વ (બાળક ના થતું હોય)



**વિષયસૂચિ :**


**૧.૦ વંધ્યત્વ એટલે શું ?**
**૨.૦ વંધ્યત્વના કારણો**
– પુરૂષમાં
– સ્ત્રીમાં
**૩.૦ વંધ્યત્વના અન્ય કારણો**
**૪.૦ વંધ્યત્વ માટે શું કરશો ?**
૪.૧ જો ગર્ભ ના રહેતો હોય તો
૪.૨ કસુવાવડ
**૫.૦ વંધ્યત્વ સાથે જીવતાં શીખો**
**૬.૦ પરિવર્તન માટે પ્રયાસ**

આપણા સમાજમાં દરેક દંપતિને બાળક હોવું જોઇએ એમ માનવામાં આવે છે. પણ હકીકતે લગભગ દર દસમાં એક દંપતિને બાળક નથી હોતા. જયારે જયારે આવું થાય છે ત્યારે સ્ત્રીનો જ વાંક કાઢવામાં આવે છે. તે યોગ્ય નથી. સંતાન ન હોવા તે કોઇ શરમ કે સંકોચ અથવા અપશુકન જેવી વાત નથી કે નથી એ પુરૂષની મર્દાનગીમાં ખામીની વાત. તેના ઘણા કારણો છે. કેટલાકની સારવાર થઇ શકે, કેટલાકની નથી થઇ શકતી. આ પ્રકરણમાં વંધ્યત્વના પ્રશ્ને શું થઇ શકે તેની વાત મૂકેલ છે.

## ૧.૦ વંધ્યત્વ એટલે શું ?

ગર્ભનિરોધના કોઇપણ સાધનો વાપર્યા વગર જે દંપતિ મહિનામાં અવારનવાર સંભોગ કરતા હોય છતાં એકાદ-બે વર્ષ સુધી તેમને ગર્ભ ના રહે તેને સામાન્ય રીતે વંધ્યત્વ ગણવામાં આવે છે.

> જ્યારે કોઇ દંપતિને બાળક ન થતાં હોય ત્યારે સ્ત્રીમાં કે પુરૂષમાં અથવા બંન્નેમાં કોઇ શારીરિક તકલીફ હોય છે. પણ આ પ્રશ્ન અંગે લોકો ખાસ વાત કરતા નથી.




તંદુરસ્ત શુક્રાણુ તરીને ગર્ભાશયમાં થઇને બીજનળીમાં રહેલ સ્ત્રીબીજને ફલિત કરે છે તે સામાન્ય છે.


- ✸ કોઇ કોઇ દંપતિને સળંગ ત્રણ-ચાર કસુવાવડ થઇ હોય અને બાળક ટકતું ના હોય.
- ✸ કોઇ સ્ત્રીને બાળકના જન્મ પછી થયેલ શારીરિક નુકશાનને લીધે બીજા બાળક થતાં નથી.
- ✸ કેટલીક વાર પુરૂષની ખામીને લીધે ગર્ભ રહેતો નથી.
- ✸ ક્યારેક વંધ્યત્વ માટે સ્ત્રી અને પુરુષ બંને જવાબદાર હોય છે.
- ✸ વધુ પડતો દારૂ પીવો કે તમાકુનું સેવન અથવા નશાકારક પદાર્થોના બંધાણીને પણ બાળકો થતા નથી.
- ✸ તો ક્યારેક બંને સાથી સંપૂર્ણ તંદુરસ્ત હોય છે. ગમે તેટલી તપાસ કરવા છતાં કોઇ ડૉક્ટર વંધ્યત્વનું કારણ જાણી શકતા નથી.

## ૨.૦ વંધ્યત્વના કારણો

**પુરુષમાં વંધ્યત્વના કારણો :**

- ✸ તેના શુક્રાણુની સંખ્યા ઓછી છે અથવા તે નબળા હોવાથી ગર્ભાશયમાંથી તરીને આગળ બીજનળી સુધી પહોંચતા નથી.
- ✸ કુમારાવસ્થા બાદ થયેલ ગાલપચોળાને લીધે જેના વૃષણ પર અસર થઇ હોય તે પુરૂષ જાતીય ઉત્તેજન અનુભવે છે પણ તેના સ્ત્રાવમાં અથવા વીર્યમાં શુક્રાણુ હોતા નથી.
- ✸ જાતીય રોગને લીધે તેની શુક્રાણુનલિકાને અંદરથી નુકસાન થયું હોય તો તેના શુક્રાણુ બહાર આવી શકતા નથી.
- ✸ તેને વૃષણ પાસેની શિરા (લોહીની નળીમાં) ફુલી ગઇ હોય (વેરીકોસીલ)
- ✸ તેને સંભોગમાં મુશ્કેલી પડતી હોય, દા.ત. તેનું શિશ્ન કઠણ ના થઇ શકે, કે લાંબો સમય તેમ રહી ના શકે કે યોનિમાર્ગમાં ઊંડે જતાં પહેલાં જ તેને વીર્યસ્ત્રાવ થઇ જતો હોય કે તેની ઉત્તેજના શમી જતી હોય.

પુરુષમાં વંધ્યત્વ




- ✸ તેને ડાયાબીટીસ, ક્ષય કે મેલેરિયાની બિમારી હોય તો તેની ફળદ્રુપતા ઓછી થાય છે.

**સ્ત્રીમાં વંધ્યત્વના કારણો**

૧. ક્યારેક કે બીજનલિકા કે ગર્ભાશયની દિવાલમાં લાગેલ ચેપ બાદ તેટલી દિવાલ - તેની સ્થિતિ સ્થાપકતા અને ગતિશીલતા ગૂમાવે છે. આથી બીજનલિકામાં સ્ત્રી બીજ, શુક્રાણું કે ફલિત કોષનું વહન થઇ શકતું નથી. ગર્ભાશયની દિવાલમાં આમ થાય તો ફલિત અંડકોષ - ત્યાં સ્થાપિત થઇ શકતું નથી. આવું થવાના કારણો છે :

✸ જાતીય રોગની સારવાર ન કરાવી હોય તો તેના રોગાણુ ગર્ભાશય અને બીજનલિકા મારફતે પેઢુના અવયવો સુધી પહોંચી જાય છે.

✸ અસલામત ગર્ભપાત કે પ્રસવ દરમ્યાન ઇજા થાય કે ચેપ લાગે.

✸ કોપર ટી મૂકતી વખતે ચોખ્ખાઇ ના જાળવી હોય તો ચેપ લાગે.

✸ આ અવયવો પર શસ્ત્રક્રિયા દરમિયાન થયેલ ઇજા

૨. તેનું બીજાશય પરિપક્વ બીજ નથી બનાવતું. જો તેનું માસિકચક્ર ૨૫ દિવસથી ઓછું કે ૩૫ દિવસથી વધુ લાંબુ હોય તો તેના શરીરમાં બીજને પકવવા માટેનો અંતઃસ્ત્રાવ પૂરતો બનતો નથી.
કોઇકવાર સ્ત્રીનું વજન ઝડપથી ઘટી જાય કે તે ખૂબ જાડી હોય તો તેનું બીજ બનતું નથી.


૩. ગર્ભાશયની ગાંઠો - ગર્ભધારણ કરવામાં તથા ગર્ભના વિકાસમાં અવરોધ કરે છે.

૪. ડાયાબીટીસ, ક્ષય કે મેલેરિયા જેવા રોગ પણ સ્ત્રીની ફળદ્રુપતા પર અસર કરે છે.


**ચેપના કારણોની સારવાર થઇ શકે છે.**

**સ્ત્રીમાં વંધ્યત્વ :**

૧. બીજનલિકા બંધ હોય




૨. બીજાશયમાંથી પરિપક્વ બીજ છૂટું નથી પડતું.



૩. ગર્ભાશયમાં ગાંઠ હોય.



**ગર્ભનિરોધથી વંધ્યત્વ ના આવે**




સામાન્ય રીતે ગર્ભનિરોધની પદ્ધતિઓથી વંધ્યત્વ નથી આવતું. ક્યારેક કોપર ટી મૂકવામાં ભૂલ હોય કે તેનાથી ચેપ થયો હોય, ત્યારે વંધ્યત્વ થઇ શકે. ઇમ્પ્લાન્ટ કે ઇંજેક્શનની અંતઃસ્ત્રાવી ગર્ભનિરોધક પદ્ધતિઓ માટે એમ કહેવાય છે કે આ નવી પદ્ધતિઓ અંગે મનુષ્યમાં પૂરતા વર્ષોનો અનુભવ નથી થયો. તેથી બીજા સસ્તન પ્રાણીઓમાં ક્યારેક આ પદ્ધતિઓ વાપરવાથી થયેલું વંધ્યત્વ મનુષ્યમાં પણ થાય છે જ, એવું ચોક્કસ પણે સાબિત થતું નથી.

## ૩.૦ વંધ્યત્વ માટેના અન્ય કારણો

ઘરે કે કામના સ્થળે કેટલીક પરિસ્થિતિના કારણે શુક્રાણુ/સ્ત્રી બીજ બનવાથી શરૂ કરી ગર્ભવિકાસના કોઇપણ તબક્કે અવરોધ સર્જાય છે જે અંતે વંધ્યત્વ લાવે છે.


* ખેતરોમાં વપરાતાં જંતુનાશક કે ઉદ્યોગોમાં વપરાતા ઝેરી રસાયણોથી પ્રદૂષિત થયેલ હવા-પાણી-અનાજની શરીર પર થતી અસરોનો કારણે વંધ્યત્વ આવી શકે છે.







* વધારે પડતું કે દારૂનું વ્યસન હોય, બીડી-સિગારેટ કે તમાકુ લેનાર કે કડક કોફી પીવાની આદત વાળી સ્ત્રીઓને ગર્ભ રહેતાં લાંબો સમય રાહ જોવી પડે છે અને કસુવાવડ થવાની શક્યતા વધે છે. તેવા વ્યસનોવાળા પુરૂષોના શુક્રાણુની સંખ્યા ઓછી હોય કે તે નબળા રહે છે.



* વધારે પડતી ગરમીમાં કામ કરતા પુરૂષના વૃષણમાં ગરમીને લીધે શુક્રાણુ બનવાની ક્રિયા પર અસર થાય છે. ખૂબ ફિટ કપડાં પહેરવાથી પણ આવું થઇ શકે છે. પરિસ્થિતિ બદલાતાં વળી પાછા અગાઉની જેમ જ શુક્રાણુ બનવા લાગે છે.


* કેટલીક દવાઓ પણ સ્ત્રી અને પુરુષની ફળદ્રુપતાને ઓછી કરી શકે છે. જ્યારે તમારે બાળક જોઇતું હોય ત્યારે બને ત્યાં સુધી કોઇ પણ દવાઓ લેવાનું બંધ રાખો. બિમારીમાં દવા લેવી જ પડે તો ડૉક્ટરને જરૂર જણાવો કે તમે બાળક થાય તેનો પ્રયત્ન કરી રહ્યા છો, તેથી તમારી દવા તે કાળજી પૂર્વક કરે.

## ૪.૦ વંધ્યત્વ નિવારવા માટે શું કરશો ?

### ૪.૧ જો ગર્ભ ના રહેતો હોય તો :

**સ્ત્રીના ફળદ્રુપ સમયે સંભોગ કરો :** પુરૂષ દરરોજ લાખો શુક્રાણુ પેદા કરી શકે છે. પરંતુ સ્ત્રીનું એક જ બીજ આખા માસમાં અમુક દિવસે જ છૂટું પડે છે. તમે એ દિવસો જાણીને ત્યારે જ સંભોગ કરશો તો બાળક રહેવાની શક્યતા વધુ છે.

* યોનિમાંથી પડતા પ્રવાહીનું બરાબર ધ્યાન રાખો. તેમાં જોવા મળતા ફેરફારો સ્ત્રીના સૌથી ફળદ્રુપ સમયનો નિર્દેશ કરે છે.




મા = માસિક રક્તસ્ત્રાવ
ભી = ભીના દિવસો
કો = કોરા દિવસો

માસિક ચક્ર દરમ્યાન સ્ત્રીને જ્યારે ગુહ્યાંગોમાં ભીનું અને ચીકણું લાગે, તેના ગર્ભાશયગ્રીવામાંથી નીકળતો પદાર્થ બે આંગળી વચ્ચે લઇ લાંબો તારની જેમ ખેંચી શકાય ત્યારે શુક્રાણુ ગર્ભાશયમાં જલ્દી જઇ શકે છે. તેથી બાળક જોઇતું હોય તો આ દિવસોમાં સંભોગ કરવો જોઇએ. દરેક સ્ત્રીએ કેલેન્ડરમાં પોતાના આ દિવસો ઓળખીને તેનો ઉપયોગ જરૂર મુજબ કરવો જોઇએ.

દરરોજ સવારે શરીરનું ઉષ્ણતામાન માપવાથી સ્ત્રીના બીજાશયમાંથી સ્ત્રીબીજ છૂટું પડવાનો દિવસ ખબર પડે છે. જે દિવસે સ્ત્રીબીજ (ઇંડુ) છૂટું પડે છે તે દિવસે શરીરનું ઉષ્ણતામાન ઓછું હોય છે.

કેટલીક વાર સંભોગ કરતી વખતે સ્ત્રી-પુરૂષના અનુકૂળ આસન લેવાથી પણ ફેર પડતો હોય છે. દા.ત.

* સ્ત્રી પીઠ પર સૂએ અને પુરૂષ ઉપર હોય તો શુક્રાણુ જલ્દી ગર્ભાશય ગ્રીવામાંથી ઉપર જઇ શકે છે.
* પડખે સૂઇને સંભોગ કર્યો હોય તો તે પછી તરત જ વીસેક મિનિટ માટે પીઠ પર છત્તા સૂઇ જવાથી થોડો ફેર પડી શકે છે.

**આવું ના કરશો. :**

* સંભોગ વખતે કોઇ પણ તેલ કે ક્રીમનો ઉપયોગ ના કરો. એનાથી શુક્રાણુનો રસ્તો અવરોધાશે.

બાળક માટે પ્રયત્ન કરવા છતાં તરત જ ગર્ભ ન રહે તો ચિંતા ના કરવી. ઘણા દંપતિ મહિનાઓ સુધી પ્રયત્ન કર્યા બાદ સફળ થાય છે.



* સંભોગ પહેલાં કે પછી યોનિમાં પાણી નાંખીને સાફ કરવી નહીં. આમ કરવાથી તેની ભીનાશ ઓછી થશે અને શુક્રાણુનો જલ્દી નાશ થશે.
* શક્ય હોય ત્યાં સુધી પુરુષે ઠંડા પાણીથી સ્નાન કરવું જેથી વૃષણમાંના શુક્રાણુ નાશ ના પામે.

**જાતીય રોગની સારવાર કરાવો.**

* તમારા બન્નેમાંથી કોઇને પણ જાતીય રોગના ચિન્હો હોય તો વહેલી તકે તેની સારવાર કરાવો.

**તંદુરસ્ત બનો.**





* જો તમે બહુ પાતળા હો તો વજન વધારવા માટે પૂરતું ખાવ.
* જો તમે ખૂબ જાડા હો તો વજન ઘટાડવાનો પ્રયત્ન કરો.



* તમાકુ, બીડી-સિગારેટ, ગુટખા, દારૂ વગેરે નશાકારક વસ્તુઓ લેવાનું બંધ કરો.
* જીવનમાં આરામ અને કસરતની સમતુલા સાધવાનો પ્રયત્ન કરો.

**એકાદ વર્ષમાં મહિના ના રહે તો આરોગ્ય કેન્દ્ર/ડૉક્ટરની સલાહ લો.**

કેટલીક પ્રાથમિક તપાસથી તમારી મુશ્કેલીનું કારણ જડી શકે છે. જેમ કે, પુરૂષના વીર્યની તપાસ સૂક્ષ્મદર્શક યંત્રથી કરવામાં આવે છે. તેનાથી શુક્રાણુની નબળાઇ કે ઓછી સંખ્યા વિશે માહિતી મળે છે. સ્ત્રીના અંગોની યોનિ માર્ગે તપાસ કરવાથી જનનાંગોમાં ચેપ કે ગાંઠ છે કે નહિ તેની માહિતી મળે છે. દરરોજ સવારે શરીરનું ઉષ્ણતામાન માપવાથી સ્ત્રીના બીજાશયમાંથી ઇંડું છૂટું પાડવાનો સમયગાળો ખબર પડે.

સ્ત્રીની બીજનળી ખુલ્લી છે કે નહિ તે જાણવા એક્સ-રે દ્વારા વિશેષ તપાસ કરી શકાય છે. દૂરબીન (endoscopy) ની મદદથી પણ આ માહિતી મળી શકે છે.

**૪.૨ કસુવાવડ :**

**યાદ રાખો :** ક્યારેક તપાસ દ્વારા વંધ્યત્વનું કારણ જાણી શકાય છે પરંતુ મોંઘામાં મોંઘી દવાઓ કે શસ્ત્રક્રિયા કરીને પણ તેનો ઉપાય થઇ શકતો નથી. તેથી નિઃસંતાનપણાની સમસ્યાને અંગે શાંતિથી વિચાર કરવો.




ઘણા દંપતિને એક બે કસુવાવડ થાય તે કુદરતી પણ હોય. ટકી ન શકે તેવા નબળા ગર્ભનો નિકાલ કરવાની આ કુદરતી રીત હોઇ શકે. પરંતુ જો એકની પાછળ એક એમ વારા ફરતી ત્રણ વાર કસુવાવડ થાય તો તમને નીચેની તકલીફ હોઇ શકે છે.

* નાદુરસ્ત બીજ કે શુક્રાણુ
* ગર્ભાશયનો આકાર અનુકૂળ ના હોય
* ગર્ભાશયમાં ગાંઠ
* અંતઃસ્ત્રાવોમાં અસંતુલન
* ગર્ભાશય કે યોનિનો ચેપ
* મેલેરિયા જેવી બિમારી

**કસુવાવડની નિશાનીઓ :**

* યોનિમાંથી લાલ કે કથ્થાઇ રંગનું લોહી આવવું.
* પેઢામાં દુઃખાવો કે ચૂંક આવવી. ભલેને તે ખૂબ નજીવા પ્રમાણમાં કેમ ન હોય.



**આવું થાય ત્યારે શું કરશો :** એક વાર કસુવાવડ શરૂ થઇ જાય પછી તેને રોકવા અંગે આપણે ખાસ કશું કરી શકતા નથી. જો તમને પેઢુમાં દુઃખાવો ન હોય અને ફક્ત સાધારણ લોહી પડતું હોય તો બે-ત્રણ દિવસ સંપૂર્ણ આરામ કરો અને જાતીય સંબંધ ન કરશો. જો લોહી પડવાનું ચાલુ જ રહે અથવા તમને ચારેક માસ થયા હોય ને હવે સાધારણ લોહી પડે છે, તો તમે ડૉક્ટરની સલાહ જરૂર લો.

નોંધ : જો તમને હજી ત્રણ માસથી માસિક નથી અને ખૂબ દુઃખાવો થાય છે. બેભાન થઇ જવાશે એમ લાગે અને સાધારણ લોહી પડતું હોય તો તરત જ હોસ્પિટલમાં જવું જોઇએ. બીજનલિકામાં ગર્ભ રહ્યો હોય ત્યારે ગર્ભ નલિકા કરતાં મોટો થવાથી નલિકા ફાટે છે અને તેમાંથી વહેતું લોહી પેટ-પેઢામાંની ખાલી જગ્યાઓમાં ભરાવા લાગે છે. આ એક ગંભીર પરિસ્થિતિ છે અને જો સમયસર ઓપરેશન કરવામાં ન આવે તો સ્ત્રીનું મરણ થઇ શકે છે. તેથી તરત જ સ્ત્રી રોગ નિષ્ણાતની સેવા મળતી હોય તેવા દવાખાને જવું જરૂરી છે.

* જો કાયમ તમારી કસુવાવડ ત્રણ માસે થતી હોય તો શક્ય છે કે ગર્ભાશયનું દ્વાર/ગર્ભદ્વાર નબળું છે અને ગર્ભના વજનથી ગર્ભદ્વાર ખૂલી જવાથી ગર્ભપાત થઇ જાય છે. આવા સંજોગોમાં ડૉક્ટરી સલાહ સમયસર લો. ડૉક્ટર તમારા ગર્ભદ્વાર પર નાના ટાંકા લઇને તેને મજબૂત કરે છે. ટાંકા પ્રસવના સમયે/અથવા તે પહેલાં કાઢી નાંખવા પડે છે.



વંધ્યત્વના પ્રશ્નવાળા દંપતિને જ્યારે સગર્ભાવસ્થા આવે ત્યારે સ્ત્રીએ બને તેટલો વધુ આરામ કરવો, સગર્ભાવસ્થાના શરૂઆતના બે-માસ સુધીમાં સંભોગ ન કરવો અને ભારે બોજો ઊંચકવાનું બંધ કરવું.

ઘણા બેનોને કસુવાવડનો પ્રશ્ન હોય છે. કસુવાવડ થાય તેનો અર્થ એવો નથી કે ફરી તમને તંદુરસ્ત સગર્ભાવસ્થા ના થઇ શકે ! તેથી નિરાશ ન થતાં પ્રયત્ન ચાલુ રાખો.

## ૫.૦ વંધ્યત્વ સાથે જીવતાં શીખો.




વંધ્યત્વથી સ્ત્રી-પુરૂષને ખૂબ દુઃખ થાય છે ને પોતાની જાત પ્રત્યે ગુસ્સો કે હીનતાની લાગણી પણ થાય છે. વંધ્યત્વને કારણે સ્ત્રી કે પુરુષ ઉદાસી, ચિંતા, એકલતા કે હતાશા અનુભવે છે. તેમાંથી ક્યારેક માનસિક સમસ્યાનો પણ ભોગ બને છે.

આવું થાય ત્યારે વિચારો કે, આ પ્રશ્ન તમારો એકલાનો નથી. તમારે માટે લાગણી હોય તેવા મિત્રો કે વડીલો સાથે ચર્ચા કરો. આવા પ્રશ્નવાળા અન્ય લોકોને શોધી તેમને મળી દુઃખ હળવું કરો. અહીં વંધ્યત્વ સાથે જીવતા કેટલાક દંપતિઓના ઉદાહરણ આપીએ છીએ.

**લીનાએ બાળક દત્તક લીધું :**

લીનાને બાળક નહોતું થતું એટલે તેને બબ્બે લગ્નોમાંથી છૂટાછેડા મળ્યા હતા. તે એકલી હતી અને મહેનતથી પોતાનું જીવન પસાર કરતી હતી. છતાં બાળકની ખોટ હતી. ગામના લોકો તેને ''વાંઝિયણ'' કહી અપશુકનિયાળ માનતા હતા. ધીમે ધીમે લીનાને આ બધું અસહ્ય લાગવા માંડ્યું હતું. તેને ઘણીવાર આત્મહત્યાના વિચાર પણ આવી જતા હતા. તેવામાં તેની મોટીબેનને ટીબી થયો. ત્યાર પછી સુવાવડમાં બે જોડિયા બાળકોને તેણે જન્મ આપ્યો. આમાંથી એક બાળકને ઉછેરવાની જવાબદારી લીનાએ લઇ લીધી. આરોગ્ય કાર્યકર પાસેથી તે બાળઉછેર શીખી અને પોતાના બાળકનો બહુ સારો ઉછેર કર્યો. તેને વાટકી-ચમચીથી દૂધ પીવડાવતી, બધી રસીઓ સમયસર મૂકાવતી અને બાળક માંદુ થાય તો તરત રોગ પારખીને તેની દવા ધીરજથી કરતી હતી. આ બધાને કારણે તેનું બાળક ખૂબ તંદુરસ્ત અને હોંશિયાર થઇ ગયું. આજે આ બાળક તેના જોડિયાભાઇ



કરતાં વધુ તંદુરસ્ત, ઉંચો અને મજબૂત બાંધાનો છે. ગામ લોકોએ આ જોયું અને ધીમે ધીમે લીનાનું માન વધતું ગયું. તેઓ બાળઉછેરની બાબતે લીનાની સલાહ લેવા લાગ્યા. ગામમાં અન્ય એક બાળકની માતા સુવાવડમાં મરી ગઇ ત્યારે પંચે એ બાળક લીનાને ઉછેરવા માટે સોંપ્યું. આમ લીના એક સફળ માતા પુરવાર થઇ એટલું જ નહીં મા વિનાના અનાથબાળકને દત્તક લઇ તેણે એક શુભ અને ઉમદા કામ કર્યું. તેથી તેની પોતાની જીંદગી ફરીથી હરીભરી બની ગઇ.

**સમજુબેન અને સુરેશભાઇની વાર્તા :**

બાળક વિનાના આ દંપતિને બાળક ન થવાનો વસવસો તો ઘણો જ હતો પરંતુ બાળક નથી તે કારણે દુઃખી થઇ જીવન બગાડવાને બદલે તેઓએ પોતાનો કુંભારનો ધંધો વધુ સારી રીતે ચલાવવા માંડ્યો. એકબીજાની ખૂબ કાળજી લેતાં, સાથે ઉઠતાં, સાથે કામ કરતાં અને બનેલા વાસણો લઇ ગામ-પરગામ સાથે ફરીને વેચતાં. તેમનો ધંધો ખૂબ સરસ ચાલ્યો. તેઓ ગામના સુખી લોકોમાંના એક કહેવાવા લાગ્યા. આજે તેઓ ઘરડા થવા આવ્યા છે ત્યારે તેમણે ઘડપણમાં ચાલે તેટલું ધન ભેગું કરી લીધું છે. પોતાનો ગામ-પરગામનો ધંધો બંધ કરી તેઓ પોતાના જ ગામમાં માનભર્યું જીવન જીવે છે. તેમના પોતાના બાળકો નથી કે બીજાની જેમ તેઓ દાદા-દાદી નથી બની શક્યા. પણ ફળિયાના બધા બાળકોને તેઓ પોતાના અવનવા અનુભવોની વાર્તાઓ પ્રેમથી કરે છે. સૌ તેમને ખૂબ માન આપે છે. જો નાની ઉંમરે તેમને પોતાના બાળકોની ખૂબ જવાબદારી હોત તો કદાચ તેઓ પોતાનો ધંધો આટલી સરસ રીતે સાથે મળીને ના કરી શક્યા હોત અને પૈસા-ટકાની ખેંચમાં માંડ દિવસો પૂરા કરવાનું તેમના ભાગમાં આવત. આજે પૈસે-ટકે સુખી અને અનુભવી હોવાને લીધે તેમનું માન પણ ઘણું છે. બન્ને આ રીતનું માન મેળવી ના શક્યા હોત.



## ૬.૦ પરિવર્તન માટે પ્રયાસ

**વંધ્યત્વના પ્રશ્નવાળા દંપતિને મદદ કરવા માટે :**

* તેમની તરફ માનભર્યો અને કૂણો વહેવાર રાખો. તેમને તમારી સહાનુભૂતિની ખાસ જરૂર છે.

> આરોગ્ય કાર્યકર કે જાગૃત નાગરિકે શું કરવું જોઇએ.



* આ દંપતિમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે સંવાદિતા સ્થપાય એ માટે પ્રયત્ન કરો.
* તેમને જીવનમાં સુખ-શાંતિ મેળવવાના બીજા રસ્તા શોધવામાં મદદ કરો.
* બાળક દત્તક લેવામાં તેમને મદદ કરો.

* જાતીય રોગથી આવતા વંધ્યત્વને અટકાવવા માટે જાતીય રોગ અટકાવવો જોઇએ. તેથી જુવાન દંપતિઓમાં જાતીય રોગો અંગે જાગૃતિ આણવાની કોશિશ કરો.
* બેનોને યોનિ અને પેઢુના ચેપ વિશે શીખવાડો અને તેની તત્કાળ સારવાર લેવા માટે રાજી કરો.
* આરોગ્ય કેન્દ્રમાં જાતીય રોગ અંગે નિદાન અને સારવારની સુવિધા મળે તે માટે પ્રયત્ન કરો.

